## નિયમ સંગ્રહ (૪)

**<u>નીતિ ઘડતર અથવા નીતિના અમલ સબંધી જનતાના સભ્યો સાથે સલાહ- પરામર્શ અથવા તેમના પ્રતિનિધિત્વ માટેની કોઈ વ્યવસ્થા હોય તો તેની વિગત</u>**

- નીતિના ઘડતર તથા નીતિના અમલ સંદર્ભે નિયત પધ્ધતિ અમલમાં છે. મહત્વની નીતિઓનું ઘડતર વિધાનસભાના સભ્યો દ્વારા વિધાનસભામાં ચર્ચા થયા બાદ થયેલ નિર્ણય અનુસાર લેવામાં આવે છે. પ્રવર્તમાન પધ્ધતિ મુજબ નીતિઓના ઘડતરના નિયમો મંત્રીમંડળના સંબંધિત મંત્રીશ્રીઓ તથા માન. મુખ્યમંત્રીશ્રી કક્ષાએ પણ લેવામાં આવે છે.
- માન. મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને આદિજાતિ સલાહકાર પરિષદની રચના કરવામાં આવે છે. જેમાં વિભાગના મંત્રીશ્રીઓ, વિધાનસભાના આદિજાતિના ધારાસભ્યશ્રીઓ તથા વિષય નિષ્ણાતો વગેરે સભ્યો તરીકે હોય છે.
- આદિજાતિ વિસ્તારોમાં સ્થાનિક જરૂરીયાતો ધ્યાને લઈને ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ જિલ્લા આદિજાતિ વિકાસ મંડળ તથા તાલુકા આદિજાતિ વિકાસ મંડળની રચના કરવામાં આવેલ છે. જેમાં જનતાના સભ્યો (આદિજાતિ આગેવાનો, માનનીય ધારાસભ્યો) વગેરેને પ્રતિનિધિત્વ આપવામાં આવે છે.
- વિભાગની યોજનાઓના અમલીકરણ માટે નીચે મુજબની સમિતિઓની રચના કરવામાં આવેલ છે.
    - વનબંધુ કલ્યાણ યોજનાની સમિતિઓ
    - ન્યુ ગુજરાત પેટર્ન અંગેની સમિતિઓ
    - વન અધિકાર અધિનિયમની સમિતિઓ
    - અત્યાચાર નિવારણ ધારાની સમિતિઓ